# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-10-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: THURSDAY** **NATIONAL NEWS**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*****************************************************

1. ઇન્ડિયા મોબાઇલ કોંગ્રેસનું ઉદ્ઘાટન કરતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ડીપફેકના પડકારને પહોંચી વળવા સહિયારા પ્રયાસ પર ભાર મૂક્યો.
2. આવશ્યક સુધારાની ચર્ચા સાથે જીએસટી પરિષદની 57મી બેઠક નવી દિલ્હી ખાતે શરૂ.
3. ભારતે પાકિસ્તાન પર આતંકવાદ પર બેવડાં ધોરણોનો આરોપ લગાવ્યો.
4. આજે 94માં ભારતીય વાયુસેના દિવસની ઉજવણી.
5. પીઢ અભિનેતા નાના પાટેકરનું ગોવામાં નિધન.. પ્રધાનમંત્રીએ ઉત્તમ અભિનેતા ગણાવીને શ્રધ્ધાંજલી અર્પી.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM MOBILE INDIA CONGRESS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીના યશોભૂમિ ખાતે ઇન્ડિયા મોબાઇલ કોંગ્રેસના 10મા સંસ્કરણનું ઉદ્ઘાટન કરતાં કહ્યું કે ડીપફેકના પડકારને પહોંચી વળવા માટે સહિયારા પ્રયાસ આદરવા પડશે.

(BYTE - PRIME MINISTER ON DEEPFAKE)

ગઈકાલથી શરૂ થયેલા ચાર દિવસીય કાર્યક્રમમાં ટેલિકોમ્યુનિકેશન , ડિજિટલ કનેક્ટિવિટી અને ટેકનોલોજીકલ નવીનતામાં ભારતની નોંધપાત્ર પ્રગતિ દર્શાવવામાં આવી છે. IMC 2026 ની થીમ સ્કેલ વિધાઉટ બાઉન્ડ્રીઝ છે , જે ડિજિટલ નવીનતા , આગામી પેઢીના કનેક્ટિવિટી અને ટેકનોલોજી-આધારિત વિકાસમાં ભારતની વધતી જતી ક્ષમતાઓને પ્રતિબિંબિત કરતી હોવાનું પ્રધાનમંત્રીએ જણાવ્યું છે.

(BYTE - PRIME MINISTER ON REFORMS)

આ પ્રસંગે બોલતા , પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે ભારતીય મોબાઇલ કોંગ્રેસ પ્લેટફોર્મ ભારતમાં ટેલિકોમ ક્ષેત્ર અને ડિજિટલ કનેક્ટિવિટીના ઉત્ક્રાંતિનું સાક્ષી બન્યું છે.

આ પ્રસંગે, કેન્દ્રીય સંદેશાવ્યવહાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી મોદીએ હંમેશા ભાર મૂક્યો છે કે ટેકનોલોજી ફક્ત છેલ્લા ગામ સુધી જ નહીં પરંતુ દરેક નાગરિક સુધી પહોંચવી જોઈએ.

# DAY GST COUNCIL MEETING

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે 57મી GST પરિષદની બેઠક ચાલી રહી છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, કર્ણાટકના મુખ્યમંત્રી ડી. કે. શિવકુમાર , જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા, હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈની અને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નાણામંત્રીઓ પણ આ બેઠકમાં ઉપસ્થિત છે.

GST પરિષદની બેઠકમાં GST વિવાદોના ઉકેલ માટે નીતિગત સુધારાઓ અને ઇનપુટ ટેક્સ ક્રેડિટના પ્રવાહમાં સુધારો કરવા અંગે ચર્ચા કરવામાં આવશે , જેનો ઉદ્દેશ્ય પાલનનો સમય અને ખર્ચ ઘટાડવાનો છે. નાણા મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે સરકાર ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ સિસ્ટમમાં સુધારાના આગામી સેટ માટે પાંચ-સ્તરીય યોજના પ્રસ્તાવિત કરશે. આ સુધારાઓનો ઉદ્દેશ્ય GST સિસ્ટમમાં પાલનનો બોજ ઘટાડવા સહિતના હાલના ઘણા વહીવટી અવરોધોમાં દૂર કરવાનો છે.

# SMART METER- JOINT SEC.

સ્માર્ટ મીટર ફક્ત ટેકનોલોજીનો ઉપયોગ જ નહી  પરંતુ ગ્રાહકો અને વિતરણ કંપનીઓ વચ્ચે અર્થપૂર્ણ માધ્યમ બનવું જોઈએ , એમ આજે વીજ મંત્રાલય દ્વારા જણાવાયુ હતું. નવી દિલ્હીમાં મીટરિંગ ઇન્ડિયા 2026 ના 11મા સંસ્કરણને સંબોધતા, વીજ મંત્રાલયના સંયુક્ત સચિવ  શશાંક મિશ્રાએ જણાવ્યું હતું કે સ્માર્ટ મીટરિંગ ભારતના વીજ ક્ષેત્રના ડિજિટલાઇઝેશનમાં એક મહત્વપૂર્ણ તબક્કામાં પ્રવેશી રહ્યું છે.

તેમણે કહ્યું કે સ્માર્ટ મીટર ગ્રાહકો માટે ઉપયોગી સાધન બનવું જોઈએ, જ્યારે ડિસ્કોમ એન્જિનિયરો અને ફિલ્ડ સ્ટાફને ડેટા દ્વારા વધુ સારા નિર્ણયો લેવામાં પણ મદદ કરવી જોઈએ.

# UN-INDIA-PAK

ભારતે પાકિસ્તાન પર આતંકવાદ પર બેવડા ધોરણોનો આરોપ લગાવ્યો છે , અને કહ્યું છે કે ઇસ્લામાબાદ જૈશ-એ-મોહમ્મદના વડા મસૂદ અઝહર વિશે માહિતી માટે ઇનામ જાહેર કરીને આતંકવાદી જૂથોને તેના કથિત સમર્થનને છુપાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. ભારતે કહ્યું કે વિશ્વ 9/11, 26/11 અને પહેલગામ હુમલાઓને ભૂલ્યું નથી. સંયુક્ત રાષ્ટ્/ મહાસભા માં જવાબ આપવાના પોતાના અધિકારનો ઉપયોગ કરતા, ભારતના સચિવ રઘુ પુરીએ કહ્યું કે આતંકવાદને ઘોષણાઓ દ્વારા હરાવી શકાતો નથી અને તેના ગુનેગારો , નાણાકીય સહાયકો અને પ્રાયોજકો સામે કાર્યવાહી કરવાની હાકલ કરી.

શ્રી પુરીએ અઝહર અફઘાનિસ્તાનમાં છુપાયેલો હોવાના પાકિસ્તાનના દાવા પર સવાલ ઉઠાવ્યા કે છે. તેમણે કહ્યું કે તાલિબાન સરકારે આ દાવાને નકારી કાઢ્યો છે. તેમણે અઝહર વિશે માહિતી માટે પાકિસ્તાનના નવા સાત મિલિયન રૂપિયાના ઇનામને "યુક્તિ" પૂર્ણ ગણાવ્યું.

# SUPREME COURT

સર્વોચ્ચ અદાલતે આજે કેન્દ્રને ત્રણ સભ્યોની સમિતિની રચના કરવાનો નિર્દેશ આપ્યો છે , જેથી દવા કંપનીઓની માર્કેટિંગ પદ્ધતિઓ , ડોકટરોને અપાતી ભેટો અને અન્ય લાભોનો સમાવેશને કાયદાકીય નિયમનની જરૂર છે કે નહીં?. તે જાણી શકાય.

ન્યાયાધીશ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે દવા કંપનીઓ અને ડોકટરો વચ્ચે થતી લેવળદેવળ સામે કાર્યવાહી કરવાની માંગ કરતી અરજીની સુનાવણી કરતી વખતે આ નિર્દેશ આપ્યો હતો.

અદાલતે હાલના માળખા અંગે ચિંતા વ્યક્ત કરી, જે લાભો સ્વીકારતા ડોકટરો સામે કાર્યવાહીની જોગવાઈ કરે છે પરંતુ આવા પ્રલોભનો આપતી ફાર્માસ્યુટિકલ કંપનીઓને નિયંત્રિત કરવા માટે અનુરૂપ કાનૂની પદ્ધતિ નથી.

આ મુદ્દો કોર્ટ દ્વારા દવાના ભાવ અને પોષણક્ષમતાની અલગ ચકાસણી વચ્ચે આવ્યો છે , જેમાં કેન્સરની દવાના રિટેલર ભાવ અને MRP વચ્ચે દસ ગણો તફાવત હોવાનું નોંધાયું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# SIKKIM

સિક્કિમમાં રંગપો અને રાનીપૂલ વચ્ચે રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૧૦ ના વિકાસ માટે સરકારે ૯૯૩.૬૪ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીના જણાવ્યા અનુસાર, આ પ્રોજેક્ટ કોરિડોરને બે-લેન હાઇવેમાં અપગ્રેડ કરાશે , જેમાં પડકારજનક હિમાલયી ભૂપ્રદેશમાં સલામતી અને સ્થિતિસ્થાપકતા સુધારવા માટે મોટા એન્જિનિયરિંગ કાર્યોનું આયોજન કરવામાં આવ્યું છે.

# SEVA SANKALP ABHIYAN KOCHI WATER METRO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેરસેવામાં 25 વર્ષ પૂર્ણ કર્યા છે. આ અંગેની અમારી સેવા સંકલ્પ અભિયાનની વિશેષ શ્રેણીમાં આજે અમે આપને જણાવીશું - કેરળમાં શરૂ કરાયેલ કોચી વોટર મેટ્રો સેવા વિશે.

## (CAPSULE: KARAN MAKWANA)

*કોચી ભારતનું પહેલું શહેર છે જ્યાં વોટર મેટ્રો પ્રોજેક્ટ શરૂ કરાયો છે. જે આધુનિક ઇલેક્ટ્રિક-હાઇબ્રિડ બોટ દ્વારા કોચીના ટાપુઓને મુખ્ય ભૂમિ સાથે જોડે છે.*

*25 એપ્રિલ, 2023 ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ સેવાના ઉદઘાટન પ્રસંગે કહ્યું હતું કે વોટર મેટ્રો કોચીમાં સુચારું ટ્રાફિક વ્યવસ્થામાં મદદરૂપ બનશે.*

*(બાઈટ- પીએમ મોદી)*

*કોચી સ્થિત લેખક ટી. એન. વેણુગોપાલ કહે છે કે વોટર મેટ્રોએ શહેરમાં જળ પરિવહનને બદલી નાખ્યું છે.*

*(બાઈટ - ટી. એન. વેણુગોપાલ)*

*આ પરિવહન સેવામાં મુસાફરોનો પ્રતિસાદ સતત વધી રહ્યો છે. બીજી ઓક્ટોબર સુધીમાં , વોટર મેટ્રોમાં 77 લાખથી વધુ મુસાફરોએ મુસસાફરી કરી.*

*તિરુવનંતપુરમથી સ્મિથી પલ્લુરુથીના અહેવાલ સાથે કરણ મકવાણા આકાશવાણી સમાચાર અમદાવાદ*

# INDIAN AIR FORCE

રાષ્ટ્ર આજે 94માં ભારતીય વાયુસેના દિવસની ઉજવણી કરી રહ્યું છે. 8 ઓક્ટોબર 1932 ના રોજ સ્થાપિત , આ મહત્વપૂર્ણ પ્રસંગ વાયુ શક્તિ માટેના એક વિઝનની શરૂઆત હતી જે આવનારા દાયકાઓ સુધી રાષ્ટ્રના સંરક્ષણ માટે ખડેપગે રહેશે તેમ વાયુસેનાના વડા અમરપ્રિત સિંઘે કહ્યું હતું.

(BYTE –AARMNPREET)

આ પ્રસંગે , રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ , ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણન , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે તમામ વાયુ યોદ્ધાઓ , નિવૃત્ત સૈનિકો અને તેમના પરિવારોને શુભેચ્છા પાઠવી છે. દેશકાજે પોતાનુ બલિદાન આપનારા વાયુ યોધ્ધાઓને શ્રધ્ધાંજલી પણ અર્પવામાં આવી રહી છે.

# NANA PATEKAR

દિવંગત પીઢ અભિનેતા નાના પાટેકરનો આજે સાંજે 4 વાગ્યે પુણે નજીક ડોંજેમાં અંતિમ સંસ્કાર કરવામાં આવશે. મહારાષ્ટ્ર સરકારે તેમના અંતિમ સંસ્કાર રાજકીય સમ્માન સાથે કરવાનો નિર્ણય લીધો છે.

પીઢ અભિનેતા નાના પાટેકરનું આજે વહેલી સવારે ગોવાના તેમના નિવાસસ્થાને હૃદયરોગના હુમલાથી અવસાન થયું. તેઓ 75 વર્ષના હતા. હિન્દી અને મરાઠી સિનેમામાં તેમના શાનદાર અભિનય માટે જાણીતા અભિનેતા હતા. તેમને ત્રણ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અભિનેતા નાના પાટેકરના નિધન પર શોક વ્યક્ત કર્યો

**(BYTE: PM NARENDRA MODI)**

ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણને પીઢ અભિનેતા નાના પાટેકરના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી રાધાકૃષ્ણને કહ્યું કે શ્રી પાટેકર એક બહુમુખી પ્રતિભાશાળી અને અત્યંત પ્રતિભાશાળી કલાકાર હતા.